# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

કિશન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ.બનાસકાંઠા

(ISO 9001:2008 Certified)

Phone No.(02742) 257055 Email Id: bnsdeo@gmail.com


ક્રમાંક :- માવિ.૩-૪ / પરિપત્ર/૨૦૨૧ /[illegible]

તારીખ : ૦૩/ ૦૭/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી,

ઉ.મા.શાળાઓ(વિજ્ઞાન પ્રવાહ)તમામ,

જિ.બનાસકાંઠા

**વિષય :- ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ ના પ્રવેશ આપવા બાબત.**

સંદર્ભ:- ગુજરાત મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંકઃમઉમશબ/સંશોધન/ ૨૦૧૯/૨૨૦૦-૩૫/,તા.૧૯/૦૬/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, જિલ્લાની વિજ્ઞાન પ્રવાહ શાળાઓને ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં સંદર્ભદર્શિત પત્રની સૂચના મુજબ પ્રવેશ આપવાનો રહેશે.સંદર્ભદર્શિત પત્રની સૂચના મુજબ પ્રવેશ આપ્યા બાદ મેરીટ યાદીની એક નકલ તેમજ આપની શાળામાં પ્રવેશ માટેની ખાલી રહેતી જગ્યાઓની યાદી અત્રેની કચેરીની મા.વિ.૩/૪ શાખામાં જમા કરવાની રહેશે.જેથી પ્રવેશથી વંચિત રહેલ વિધાર્થીઓને પ્રવેશની કાર્યવાહી અત્રેથી કરી શકાય.વધુમાં કોવિડ-૧૯ મહામારીને ધ્યાને રાખી સ્વચ્છતા,સેનીટાઈઝેશન અને સોશીયલ ડિસ્ટન્સ જળવાય તે રીતે કાર્યવાહી કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

બિડાણ:સંદર્ભદર્શિત પત્ર

નકલ રવાના જાણ તેમજ અમલીકરણ કરાવવા સારૂ:

-શિ.નિ./મ.શિ.નિ.,તમામ
સદર કચેરી

Scanned by CamScanner

અગત્યનું

ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૨૦૦ - ૩૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૯/૦૬/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ઉચ્ચતર માધ્યમિક ધોરણ-૧૧(વિજ્ઞાન પ્રવાહ)માં શૈક્ષણિક સત્ર જુન-૨૦૧૯ થી પ્રવેશ અંગે.

સંદર્ભ:-
૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:ઉમશ-૧૧૯૭-૧૨૦૩-ગ-૧. તા.૧૦/૦૬/૯૭.
૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ-૨૦૦૦-૧૦૪૯-છ. તા.૩૦/૦૫/૨૦૦૦.
૩. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો પત્ર ક્રમાંક:- મઉમશબ/સંશોધન/બઢતી/૨૬૨૫૦ તા.૨૪/૦૫/૨૦૦૪
૪. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૯/૧૨૯/૨ તા.૦૮/૦૩/૨૦૧૯.
૫. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ઠરાવ ક્રમાંક:EWS/૧૨૨૦૧૯/૪૫૯૦૩/A તા.૨૩/૦૧/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.૨૪/૦૫/૨૦૦૪ના પત્રથી રાજ્યની સરકારી તેમજ સહાયક અનુદાન મેળવતી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૧ વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે શાળાઓને અનુસરવાની કાર્યવાહી અંગેના નિયમો મુકરર કરવા બાબતે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવની જોગવાઈ મુજબ હાલની સૂચનાઓમાં ફેરફાર કરી નીચે દર્શાવ્યા મુજબ સૂચનાઓ આપવામાં આવે છે.

ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના પ્રવેશ માટેની યાદી તૈયાર કરતી વખતે ત્રણ મુખ્ય વિષયો [ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી (પ્રથમ ભાષા/દ્વિતીય ભાષા)] માં મેળવેલ ગુણને ધ્યાનમાં લઈ પ્રવેશ યાદી (મેરીટ યાદી) બનાવવી. તેમજ નીચે દર્શાવ્યા પ્રમાણે જગ્યાઓની બેઠકનું વર્ગીકરણ કરવાનું રહેશે.

| ક્રમ | જગ્યાની વિગત | બેઠકની સંખ્યા |
|---|---|---|
| ૧ | - અનુસૂચિત જાતિ (૭%) | ૦૫ |
| ૨ | - અનુસૂચિત જનજાતિ (૧૫%) | ૧૧ |
| ૩ | - સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (૨૭%) | ૨૦ |
| ૪ | - આર્થિક રીતે નબળા વર્ગો (EWS) (૧૦%) | ૦૮ |

C:\Users\admin\Desktop\Desktop File All\પરિપત્ર.docx

Scanned by CamScanner

| | | | |
|---|---|---|---|
| ૫ | - | પોતાની શાળા | ૨૫ |
| ૬ | - | અન્ય શાળાના (જે શાળામાં ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ ન હોય તેવી શાળાના ધો-૧૦ પાસ વિદ્યાર્થીઓ માટે) | ૦૬ |
| ૭ | | કુલ | ૭૫ |

ઉક્ત જોગવાઇ ફક્ત ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના પ્રવેશ માટે જ લાગુ પાડવાની રહેશે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-
- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- ખાસ ફરજપરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.
- નાયબ નિયામક (પરીક્ષા), (વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ)



Scanned by CamScanner